| | | | | | |
|---|---|---|---|---|---|
| GJKT020036552025 | દાખલ તારીખ | 29/04/2025 | | | |
| | નોંધ્યા તારીખ | 29/04/2025 | | | |
| | નિકાલ તારીખ | **10/04/2026** | | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ | |
| | | 00 | 11 | 16 | |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટી ફીકેશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ**

## FORM : A

**ના.શ્રી ચોથા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : ભુજ-કચ્છ**

**ફોજદારી કેસ નંબર : 2106/2025**

**આંક- 21/B**

**એફ.આઇ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :-**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન<br>એફ.આઇ.આર. નંબર | **માનકુવા પોલીસ સ્ટેશન**<br>**એ. પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૦૫૦૧૩૨૫૦૦૪૬/૨૦૨૫** |
| ગુન્હો | **ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (બી.એન.એસ.) ની કલમ ૧૦૬, ૧૨૫(એ), ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ- ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ** |
| **તહોમતનામા મુજબ તહોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી : ) દિપક કરશન મહેશ્વરી રહે.મંજલ તા.નખત્રાણા જી.કચ્છ |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી આર.આર. પ્રજાપતિ** |
| **આરોપી** | **૧. મગનલાલ વિશ્રામભાઇ સેતણીયા(સેત્રણ)**<br>ઉ.વ.પુખ્ત , ધંધો-ડ્રાઇવીંગ<br>રહે. વિજપાસર, તા-નખત્રાણા-કચ્છ |
| **બચાવપક્ષ તરફે** | **વિદ્વાન વકીલ શ્રી એમ.જે. દૈયા** |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૦/૧/૨૦૨૫ |

| | |
|---|---|
| ફરીયાદની તારીખ | ૨૫/૧/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૦૪/૨૦૨૪ |
| ત્હોમત ફરમાવ્યાની તારીખ | – |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૫/૮/૨૦૨૫ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | **–** |
| ચુકાદાની તારીખ | **૧૦/૦૪/૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | **–** |

**<u>આરોપી/ઓની વિગત :–</u>**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબ | ૩૦/૧/૨૦૨૫ | ૩૦/૧/૨૦૨૫ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## **<u>FORM–C</u>**

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–</u>**

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|
| ૧. | ગાંગજી રાયશી થારૂ | પંચ સાહેદ | ૪ |
| ૨. | પ્રેમીલાબેન રામજીભાઇ મહેશ્વરી | પંચ સાહેદ | ૬ |
| ૩. | દિપકભાઇ કરશનભાઇ મહેશ્વરી | ફરીયાદી | ૭ |
| ૪. | જગદીશભાઇ કાકુભાઇ મહેશ્વરી | સાહેદ | ૯ |
| ૫. | કિશનભાઇ નારાણભાઇ મહેશ્વરી | સાહેદ | ૧૦ |
| ૬. | અફઝલહુશેન નુરમામદ ધાસુરા | ત.ક.અ. | ૧૨ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૫ |
| ૨. | ફરીયાદ | ૮ |
| ૩. | સી.બી.આર. રેકોર્ડ | ૧૩ |
| ૪. | સ્થાનીક જગ્યાનુ પંચનામુ | ૧૪ |
| ૫. | પી.એમ. રીપોર્ટ | ૧૫ |
| ૬. | મેડી. સર્ટી. | ૧૬,૧૭ |
| ૭. | એક્ષીડેન્ટ રીપોર્ટ | ૧૮, ૧૯ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | | |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૦.૪૫ વાગ્યાના અરસામાં ભુજ

તાલુકાના ડાકડાઇ ગામના બસ સ્ટેશનથી ૫૦૦ મીટર માનકુવા બાજુ મધ્યે કટ પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની ટ્રક રજી.નં. જી.જે.૧૨.વાય.૯૪૪૪ પુરઝડપે, બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે ચલાવી, ફરીયાદીના મોટર સાયકલ રજી.નં.જી.જે.૧૨.એચ.બી.૩૧૫૬ વાળી ને પાછળથી ટક્કર મારી, ફરીયાદીને જમણા ખંભાના ભાગે સામાન્ય ઈજા તથા ફરીયાદીની પાછળ બેસેલ ફરી.ના ભાણેજ વિવાંશને માથાના ભાગે સામાન્ય ઈજા પહોંચાડી, ફરીયાદીની બહેન મરણજનાર દિપાલી જગદીશભાઇ થારૂને પેટના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડી મોત નિપજાવી નાસી જઇ, ગુના બાબતની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરાવતાં પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (બી.એન.એસ.) ની કલમ ૧૦૬, ૧૨૫(એ), ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ- ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ અન્વયેનો ગુનો નોધેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીને અટક કરેલ અને તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ તેઓ વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આ કામે આરોપીને સમન્સની બજવણી થયેથી આરોપી હાજર થતાં તેઓને ક્રી.પ્રો.કો. કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપીની આંક-૩ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતાં આરોપી ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ સોગંદ પર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમજ વિશેષમાં કાંઇ કહેવું છે તેવા સવાલના જવાબમાં તેઓ નિર્દોષ વ્યકિત છે તેઓએ આવો કહેવાતો ગુનો કરેલ નથી તેમ જણાવેલ છે. ત્યારબાદ

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

(૪) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

:: મુદા ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૦.૪૫ વાગ્યાના અરસામાં ભુજ તાલુકાના ડાકડાઇ ગામના બસ સ્ટેશનથી ૫૦૦ મીટર માનકુવા બાજુ મધ્યે કટ પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની ટ્રક રજી.નં. જી.જે.૧૨.વાય. ૯૪૪૪ પુરઝડપે, બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે ચલાવી, ફરીયાદીના મોટર સાયકલ રજી.નં.જી.જે.૧૨.એચ.બી. ૩૧૫૬ વાળી ને પાછળથી ટક્કર મારી, ફરીયાદીને જમણા ખંભાના ભાગે સામાન્ય ઈજા તથા ફરીયાદીની પાછળ બેસેલ ફરી.ના ભાણેજ વિવાંશને માથાના ભાગે સામાન્ય ઈજા પહોંચાડી, ફરીયાદીની બહેન મરણજનાર દિપાલી જગદીશભાઇ થારૂને પેટના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડી મોત નિપજાવી નાસી જઇ, આભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ (બી.એન.એસ.) ની કલમ ૧૦૬, ૧૨૫(એ), ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ- ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

-:: નિર્ણયો ::-

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**-:: નિર્ણય માટેના કારણો ::-**

મુદા નં. ૧:-

(૬) આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષ્, આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ, સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવા જોઈએ, આ કામે જ્યારે આરોપી સામે એકસીડન્ટ કરી, સાહેદ ને ફ્રેકચર સહીતની ઈજાઓ પહોંચાડેલ હોવા અંગેનો આક્ષેપ છે ત્યારે, ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબીત કરવા જોઈએ-

કલમ ૨૭૯

1. જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.
2. બેફામપણે અથવા બેદરકારીપુર્વક આપું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી
3. જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાની થવા સંભવ હોય

(૭) ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિદ્ધાંત છે કે, આરોપી સામેનો ગુનો ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં સ્પષ્ટ છે કે, આરોપી સામે જ્યારે બેફીકરાઈથી વાહન ચલાવી અકરમાત કરવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે તે સાબીત કરવું જોઈએ કે, જે બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહ્યા હતા અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યું અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતું કે, જેથી આરોપીને અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત કરાવી શકાય ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી બની રહે છે. આ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, ફરીયાદ પક્ષે આરોપીનું કૃત્ય બેફામપણે અને બેદરકારીપુર્વકનું હતું. એવું સાબિત કરવું જોઈએ અને જો આ હકીકત સાબિત કરવામાં ન આવે તો, આરોપીનું કૃત્ય બેફામપણે અને બેટસકારીપુર્વકનું હતું એવું અનુમાન થઈ શકે નહી.

(૮) નામદાર સવોચ અદાલતે **Nanjundappa** & **Aer. Versus. The State of Karnataka**, 2022 **LiveLaw (SC)** 489 = 2022(0) **AIJEL – SC** 69281. ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, :

"1. This Appeal challenges the judgment and Order dated 07.02.2017 passed by the High Court of Karnataka at Bengaluru in Criminal Revision Petition No. 1048/2010 dismissing the Petition filed by the appellants herein, The High Court confirmed the Judgment and Order of the Trial Court and the First Appellate Court convicting the Appellants under Section 384(A) read with Section 34 of the Indian Penal Code (for short 'IPC') and sentencing thes to undergo Simple Imprisonment for 1 year and 3 months and penalty of Rs. 3000/ each with default stipulation of Simple Imprisonment for 3 months.

11. **For bringing home the guilt of the accused, prosecution has to firstly prove negligence and then establish direct nexus between negligence of the accused and the death of the victim,** Perusal of the record reveals that out of various witnesses arrayed by the prosecution, there are no eye witnesses. Any evidence brought on record is merely circumstantial in nature. We are constrained to repeat our observation that it sounds completely preposterous that a telephone wire carried 11KV current without melting on contact and when such current passed through the Television set, it did not blast and melt the wiring of the entire house. It is even more unbelievable that Appellant no. 2 came in contact with the same ane voltage and managed to get away with a few abrasions. The Appellants therefore are entitled to be given the benefit of doubt; more so, when there is no report of a technical expert to corroborate the prosecution story."

(૯) નામદાર ગુજરાત હાઈ કોર્ટે **Tejrav Uttanrav Ranit Versus State Of Gujarat**, 2924 (3) **ALJEL–HC** 247871,

**Criminal Revision Application No**. 606 **of** 2012 = 2024 (0) **AIJEL – HC** 247871 ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, :

> "18. None of the eye witnesses or the occupants of the motor vehicle deposed criminal rashness, which is equal to hazarding a dangerous or wanton act with the knowledge that it is so, and that it say cause injury, but without intention to cause injury, or knowledge that it will probably be caused. It must be pointed out that rashness and negligence are not the same things.. but to some extent, they are in diametric axis. Mere negligence cannot be construed to sean rashness. There are degrees of negligence and rashness and in order to amount to criminal rashness or criminal negligence one must find that the rashness has been of such a degree as to amount to taking hazard knowing that the hazard was of such a degree that injury was most likely to be occasioned thereby. Criminal negligence is gross and culpable neglect, that is to say, a failure to exercise that care and failure to take that precaution which, having regard to the circumstances, it was the imperative duty of the individual to take. Culpable rashness is acting with consciousness that mischievous consequences are likely to follow although the Individual hopes, even though he hopes sincerely, that such consequences may not follow. "

(૧૦) નામદાર ગુજરાત હાઈકોર્ટે **Sandipbhai Lallubhai Chaudhary Versus State of Gujarat,** 2024 (0) **ALJEL–HC** 247902**, Criminal Revision Application**

**No.** 347 **of** 2012 ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, :

“6. Undoubtedly, the pillion rider in the present case has expired receiving injury on account of road accident. But, what requires to be seen and proved by the prosecution is the rash and negligence driving though both are not the same things as mere negligence cannot be construed rashness. The prosecutions also required to prove the degree of negligence and rashness and it should not be to amount the criminal rashness or criminal negligence. That one must bear in mind in such circumstances rashness has to be of such a degree as to amount to taking hazard knowing that the hazard was of such a degree that injury was most likely to be occasioned therety. The criminality lies in running the risk or doing such an act with recklessness and Indifference to the consequences. The words rashly and negligently are distinguishable and one is exclusive of the other. The same act cannot be rash as well as negligent.

7. In the present case, the prosecution has examined PW 1 Sanjaybhai, complainant, at Exh.8 who has deposed that he is driver of the jeep which was kept on the road side. He has further deposed that suddenly one motorcycle came from behind and dashed with the backside of the stationary jeep whereby three persons including driver of the motorcycle received injury. He also deposed that motorcycle was coming in a speed. In the cross-examination, this witness admitted that he was standing in front of the jeep and has not seen that in which way the motorcycle was coming. He reached to the spot once he has heard the sound of accident. Thus, the said witness is not the eye-witness and has not seen the deceased riding the motorcycle rashly and negligently.

17. In background of the above settled proposition of Law and on the critical examination of the aforesaid evidence of the prosecution side, in my opinice, the rash and negligent driving by the prosecution is not proved, No witnesses have deposed that accused was riding the vehicle in rash and negligent manner knowing folly well that his act would endanger to human Life of someone else.

(૧૧) નામદાર ગુજરાત હાઈકોર્ટે **bharatsinh Sonabhai Baman Versus State Of Gujarat,** 2023 **AIJEL-HC** 247609**, Criminal Revision Application No.** 338 **of** **2010** ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, :

"17.1) Upon perusal of the complaint and the evidence of the Pathan (PV-4) and complainant. Nasirkhan Investigating Officer Kanatha Arathal, no one has deposed or uttered a whisper about rash and negligent driving of the accused. **Merely the complainant has stated in the complaint and deposed that the applicant-accused was driving the S.T. Bus in full speed but the speed of the vehicle would not amount to a rashness or negligence. In the offence under Section 304-A or 279 of the IPC, prosecution must have to prove that he accused was driving the vehicle in rash and negligent manner.** Admittedly, the prosecution witnesses have not stated anywhere in the evidence that the offending vehicle was driven by the accused in rash and negligent manner. Learned trial Court as well as the learned appellate Court have also relied on the doctrine of res Ipsa Loquitur but it is needless to say that even in the panchnama of scene of offence, no any detail is stated. The width of the road is 22 feet and is a one way road. Both the vehicles were proceeding in the same direction. It is admitted fact that the defenje has not put any effort to prove any contributary negligence on the part of deceased however, **in a criminal trial prosecution has to stand on its own leg, prosecution cannot take advantage of weakness of defence.** Both the Courts below have relied on the doctrine of res ipse loquitur but in absence of any material on the record, no presumption of rashness or negligence could be drawn by Invoking the maxim or doctrine of res ipsa loquitur. In the case of State of Karnataka vs. Satish reported (1998) 8 SCC 493 the Honble Supreme Court has been pinased to hold that there was no any evidence on record to establish rash and negligent driving of the vehicle on the part of the accused, **No presumption can be drawn and it is for the prosecution to prove and**

**establish rashness or negligence on the part of the accused hefure conviction under Section 304-A or 279uf the IPC.**

(7.5) As discussed herein above, it becomes crystal clear that the conviction under Section 304-A read with Section 279 of the IPC cannot be founded merely on the doctrine of res ipsa Loquitur. Under Section 279 of the IPC, the rashness or negligence must be what say fairly can be described as a criminal rashness or criminal negligence. As accused can be convicted of the offence under Section 279 of the IPC, there must be more than some error of judgment or mere carelessness on the part of accused to render a personliable for criminal negligence. Even to draw any such presumption there is no material or evidence on record collected by the Investigating Officer. Even, the panchnama is not properly drawn. In the case on hand, the panchnama carried out is below par. The accident is not Investigated in proper and scientific manner, shotograph or the site plan is not prepared or produced. The panchnans of scene of offence isalso not satisfactory. The exact point of impact as well as any tyre skid marks or damage to bus is also notwentioned. Even, where vehicles come to rest after collision are not demarcated clearly. Such exercise would enable the Court to examine the evidence in much more objective sanner. **While the anus is on the prosecution to establish the case beyond all reasonable doubt that the vehicle was being driven in rash or negligent sanser and what is rash or negligent driving would depend on the fact and circumstances of each case.**

In the present case, **witness has not stated shout the rash and negligent driving on the part of the applicant-accused. Even if it is believed that the vehicle was being driven by the accused in full speed, high speed itself in saclear expression. There is nothing record to establish that the accused driven his vehicle in rash and negligent manner. Therefore, the applicant is not liable to be convicted under Sections 279 and 304-A of the IPC.**

(૧૨) નામદાર ગુજરાત હાઈકોર્ટે **DALAPATBHAI RAMESH BHAI VASAVA Versus STATE OF GUJARAT, R/CRIMINAL APPEAL NO.** 1360 **of** 2011 **Date:** 22/06/2020 ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, :

> “27. On appreciating the oral evidence of the injured witnesses, it is clearly found that every witness has emphasized on the fact that tempo was being driven at a high speed and due to that driver has lost control over tempo near the place of occurrence. At this juncture, it is worthwhile to refer to the decision of Honourable Apex Court in the case of Mrs. Shakila Khader And Ors. vs Nausheer Cama And Ors. Reported in AIR 1975 SC 1324, 1975(4) SCC 122, wherein it was observed that main criteria for deciding whether driving which relate to accident was rash and negligent is not only the speed but the width of the road, density of the traffic etc. Further in the case of State of Karnataka v. Satish (supra), the Honourable Supreme Court has held that merely because truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. "High Speed is a relative term and criminality is not to be aresumed subject of course to some statutory exceations. In absence of any material on record.no aresumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxin "ras ipsa locutar”.

(૧૩) નામદાર ગુજરાત હાઈકોર્ટે **STATE OF GUJARAT V/S MAHMAD SARIF UMAR GAJAL MUSLIM, G.L.M.** 2007(3) 561,=2007 **AIJEL –HC** 219667 ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે, :

A scrutiny of the evidence brought on record by the prosecution as reproduced herein above, reveals that what has been brought on

record is the fact that an accident took place, that the accused was driving the tempo, the deceased persons were coming on a bicycle which dashed against the tempo on the righthand side. they sustained injuries and later succumbed to them. **A camulation accrutiny of the antirs evidence on record does not asint towards rash and realisent driving an The anct of the accused.** As has been held in **state of Gujarat vis Dr Maltiben Valjibhal shah (Supra)** to constitute an offence under section 304-A of the Indian penal code. **It is necessary for the prosecution to etstablish that the act of the accused is rush or negligent and by such act the death has occurred and that act does not amount to culpable homicide.**

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૪ થી પંચ સાહેદ ગાંગજી રાયશી થારૂ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, આ કામે મરણ જનાર તેઓના ભત્રીજાની પત્ની થાય અને ફરીયાદી તેઓના ભત્રીજાનો સાળો થાય. બનાવના દિવસે તેઓને આશરે બારેક વાગ્યે હોસ્પીટલમાંથી ફોન આવેલ કે, તમારા ભત્રીજાના પત્ની દિપાલીબેનનો અકસ્માત થયેલ છે જેથી જનરલ હોસ્પીટલ ભુજ ખાતે લાવેલ હોય જેથી તેઓ ભુજ જનરલ હોસ્પીટલ ખાતે તેમના ભાભી અને ભત્રીજા સાથે હોસ્પીટલ ગયેલ. હોસ્પીટલમાં તેઓના ભત્રીજાની પત્ની મૃત્યુ પામેલા અને તેમની લાશનુ પંચનામું કરવાનુ હોય, પોલીસે સહી કરવાનુ કહેતા તેઓએ પંચનામામાં સહી કરેલી. પોલિસે ડોક્ટરની હાજરીમાં તેઓને દિપાલીબેનની લાશ બતાવેલી અને દિપાલીબેનને જે ઈજાઓ થયેલ તે બતાવેલી. ત્યાર બાદ લાશને પીએમ કરવા લઈ ગયેલ અને ત્યાર બાદ લાશ તેઓને સોપતા સમાજના રીત રીવાઝ મુજબ અંતિમ વિધી કરેલી. આ દિપાલીબેનની લાશ જોતા તેમના પેટ અને સાથળના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. તેઓને પંચનામાની નકલ બતાવતા તેઓ તેમા પંચ નં. ૧ તરીકે સહી ઓળખી બતાવે છે. જે પંચનામુ પુરાવામાં આંક-૫ થી રજુ છે.

બચાવપક્ષના વિદ્વાન વકીલ શ્રી એમ.જે. દૈયા દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ વાત કબુલ કરે છે કે, પોલિસે પંચનામુ લખીને તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. સાહેદ એ વાત કબુલ

કરે છે કે, પોલિસને તેઓએ કોઈ હકિકત લખાવેલ નથી, પરંતુ પોલિસે પોતાની જાતે જે તે હકિકત લખીને તેઓની સહી લીધેલી. સાહેદ એ વાત કબુલ કરે છે કે, ગુજરનાર તેઓના ભત્રીજાના પત્ની થતા હોઇ સંબંધીના નાતે તેઓએ પંચનામામાં સહી કરેલી.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૬ થી પંચ સાહેદ પ્રેમીલાબેન રામજીભાઇ મહેશ્વરીએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, મરણ જનાર તેઓની ભત્રીજી થાય અને ફરીયાદી તેઓનો ભત્રીજો થાય. બનાવના દિવસે આશરે બારેક વાગ્યે તેઓના જેઠાણીને હોસ્પીટલમાંથી ફોન આવેલ કે, દિપાલીબેન તથા દિપકભાઈનુ અકસ્માત થયેલ છે જેથી જનરલ હોસ્પીટલ ભુજ ખાતે લાવેલ હોય તેઓ અને તેઓના પતિ ભુજ જનરલ હોસ્પીટલ ખાતે ગયેલા. હોસ્પીટલમાં તેઓના ભત્રીજીને ગંભીર ઈજા થયેલ હોય તેની સારવાર ચાલુ હતી, તેઓ સારવાર દરમીયાન તેની ખબર જાણવા ગયેલા. તેને વધુ સારવાર માટે અમદાવાદ લઇ જવાનું કહેતા, એમ્બ્યુલન્સમાં અમદાવાદ લઇ જતા હતા તે વખતે રસ્તામાં તે મૃત્યુ પામેલા. અને તેની લાશને લઇને ભુજ એકોર્ડ હોસ્પિટલ ખાતે એમ્બ્યુલન્સ પરત આવેલ, ત્યા ડોક્ટરે તેને મરણ જાહેર કરેલ હોય તેના પી.એમ. સારૂ જનરલ હોસ્પિટલ ભુજ ખાતે લઇ ગયેલા. ત્યા ડોકટરની હાજરીમા પોલીસે તેઓને દિપાલીબેનની લાશ બતાવેલી અને દિપાલીબેનને જે ઈજાઓ થયેલ તે બતાવેલી. તે વખતે તેઓ, તેઓનો ભત્રીજો દિપક અને ગાગજીભાઈ રાયશીભાઈ થારૂ હાજર હતા. તેઓએ લાશને જોતા પેટ ઉપરથી ટાયર ફરી ગયેલ હોવાનું જણાઈ આવેલ. પોલિસે દિપાલી બેનની લાશનુ પંચનામુ કરી તેમા તેઓની તથા ગાગજીભાઈ રાયશીભાઈની સહી લીધેલ. ત્યાર બાદ લાશને પી.એમ. કરવા લઇ ગયેલ અને ત્યાર બાદ લાશ તેઓને સોંપતા સમાજના રીત રીવાઝ મુજબ અંતિમ વિધી કરેલી. આ દિપાલીબેનની લાશ જોતા તેમના પેટ અને સાથળના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. તેઓને આંક. ૫ વાળુ પંચનામુ બતાવતા તેમા પંચ નં. ૨ તરીકે સહી છે જેને ઓળખી બતાવે છે.

બચાવપક્ષના વિદ્વાન વકીલ શ્રી એમ.જે. દૈયા દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ વાત કબુલ કરે છે કે, પોલિસે પંચનામુ

લખીને તેઓને સહી કરવાનુ કહેતા સહી કરેલી. સાહેદ એ વાત કબુલ કરે છે કે, પોલિસને તેઓએ કોઇ હકિકત લખાવેલ નહી, પરંતુ પોલિસે પોતાની જાતે જે તે હકિકત લખીને સહી લીધેલી. સાહેદ એ વાત કબુલ કરે છે કે, ગુજરનાર તેઓના ભત્રીજી થતા હોઇ સંબંધીના નાતે મે પંચનામામાં સહી કરેલી.

(૧૬) ફરીયાદપક્ષે આંક–૭થી ફરીયાદી દિપકભાઇ કરશનભાઇ મહેશ્વરીનાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, બનાવ તા ૨૦.૦૧.૨૫ ના રોજ સવારના પોણા અગિયાર વાગ્યાની આસપાસ બનેલો. તેઓને કામ અર્થે મુન્દ્રા જવાનું હોઈ અને તેઓની નાની બહેન નામે દિપાલી ઉ.વ. ૨૩ તેના દિકરા વિવાંશ સાથે તેઓના ઘરે આવેલ હોઈ અને તેની સાસરી ભુજપુર મુન્દ્રા મુકામે આવેલ હોય, તેઓને નોકરી અર્થે મુન્દ્રા જવાનું હોઈ અને તેઓની બહેન દિપાલીને પણ તેના સાસરીમાં જવું હોય જેથી તેઓની ટી.વી.એસ. મો.સા. જેના નંબર જી.જે. ૧૨ એચ. બી. ૩૧૫૬ વાળી લઈ મુન્દ્રા મુકામે જવા નિકળેલ. તેઓ ડ્રાઈવિંગ કરી રહેલ, તેઓની પાછળ ભાણેજ વિવાંશ અને તેની પાછળ તેઓની બહેન દિપાલી બેઠેલ હતી. તે સમયે સવારના પોણા અગિયાર વાગ્યાના અરસામાં ડાકડાઈ ગામથી આશરે પાંચસો મીટર દુર હાઈવે રોડ પર પહોંચતા એક ટ્રક ચાલક પાછળથી પુરઝડપે આવી તેઓની મો.સા.ને પાછળથી ટકકર મારેલી. તેઓ અને ભાણેજ વિવાંશ તથા બહેન રોડની સાઈડમાં પડી ગયેલ અને આ ટ્રકના ચાલકે ટ્રકનું આગળનુ વ્હિલ તેઓની બહેનના પેટના ભાગ ઉપર ચડાવી દિધેલ. ત્યારબાદ અકરમાત જોઈ ટ્રક ચાલક પોતાના કબ્જાનું ટ્રંક લઈ ત્યાંથી નાશી ગયેલ. તેઓની પાછળ તેઓના ગામના કિશન નારાણ મહેશ્વરી આવતા હોઈ તેણે તેઓને તથા તેઓના ભાણેજને ઉભા કરેલ. અને તેઓની બહેનને પેટ ઉપરથી ટ્રકનુ ટાયર ફરી ગયેલ હોય. તેને ગંભીર ઈજા થયેલી અને તેઓને જમણા ખભાના ભાગે ઈજા થયેલ. ભાણેજને કોઈ ઈજા થયેલ નહી. ત્યાર બાદ કોઈ જાગૃત માણસે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા તેઓ ત્રણેયને ૧૦૮માં જી. કે જનરલ હોસ્પીટલ ભુજ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને તેઓને થયેલ ઈજાની એક્સ–રે કરેલ અને તેઓની બહેનને ગંભીર ઈજા થયેલ

હોય વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાનું કહેતા એમ્બ્યુલન્સમાં અમદાવાદ જવા નિકળેલા ત્યારે રસ્તામાં શેખપીર ત્રણ રસ્તા પહોંચતા તેઓની બહેનનુ રસ્તામાં મરણ થઇ ગયેલ. આથી રસ્તામાંથી પરત ફરી ભુજ એકોર્ડ હોસ્પીટલ ખાતે તેઓની બહેનને લઈ ગયેલ ત્યા ફરજ પરના ડોક્ટરે તેને મરણ જાહેર કરેલી. અને ત્યાર બાદ તેમની બહેનની લાશનું પી.એમ. કરવા જી.કે. જનરલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલ. પી.એમ. થયા બાદ સમાજના રીતરીવાજ મુજબ તેની અંતિમ વિધી કરેલ. બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી. તેમને ફરીયાદની ખરી નકલ બતાવતાં તેમાં તેમની સહી ઓળખી બતાવે છે, જેને પુરાવામાં આંક–૮ થી રજુ રાખેલ છે.

બચાવપક્ષના વિદ્વાન વકીલ શ્રી એમ.જે. દૈયા દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ વાત કબુલ કરે છે કે, અકસ્માત કરનાર ગાડીનો નંબર તેઓએ જોયેલ નથી, તથા તે ગાડી કોણ ચલાવતુ હતુ તેની પણ તેઓને ખબર નથી. ફરીયાદી એ વાત કબુલ કરે છે કે બનાવવાળા રોડ હાઈવે રોડ હોઈ વાહનોની સતત અવરજવર રહે છે. ફરીયાદી એ વાત કબુલ કરે છે કે તેઓ જી.કે. હોસ્પિટલ સારવાર સારૂ ગયેલા ત્યા પણ ટ્રક નંબર કે ચાલકનુ નામ લખાવેલ નથી. ફરીયાદી એ વાત કબુલ કરે છે કે, સદર અકસ્માતમાં મરણ ગયેલ તેઓની બહેન અને તેઓને થયેલ ઈજા બદલ અકસ્માત વળતર મેળવવા કેસ કરેલ છે. ફરીયાદી એ વાત કબુલ કરે છે કે તેઓ મોટર સાઈકલ ચલાવતા હોઈ જેથી તેઓનુ સંપુર્ણ ધ્યાન આગળ હતું. ફરીયાદી એ વાત કબુલ કરે છે કે, પાછળથી જે વાહન આવેલ, તે કેટલી સ્પીડમા આવતુ હોય તે તેઓ કહી શકે નહી.

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૯ થી સાહેદ જગદીશભાઇ કાકુભાઈ થારૂ મહેશ્વરી નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, ફરીયાદ વાળો બનાવ તા ૨૦.૦૧.૨૫ના રોજ સવારના પોણા અગિયાર વાગ્યાની આસપાસ બનેલો. તેઓના સાળાને કામ અર્થે મુન્દ્રા જવાનુ હોઈ અને તેઓની પત્ની નામે દિપાલી ઉ.વ. ૨૩ અને તેઓના દિકરા વિવાંશ સાથે તેમના માવિત્ર આવેલ હોઇ અને તેની સાસરી ભુજપુર મુન્દ્રા મુકામે આવેલ હોય, તેના ભાઈને નોકરી અર્થે મુન્દ્રા જવાનુ હોઈ અને તેઓની પત્ની

દિપાલીને પણ સાસરીમાં જવુ હોય જેથી તેના ભાઈ સાથે ટીવીએસ મો.સા. જેના નંબર જીજે ૧૨ એચ બી ૩૧૫૬ વાળી લઈ મુન્દ્રા મુકામે જવા નિકળેલ. તેના ભાઈ ડ્રાઈવિંગ કરી રહેલ, તેની પાછળ તેઓનો દિકરો વિવાંશ અને તેની પાછળ તેઓની પત્ની દિપાલી બેઠેલ હતી. તે સમયે સવારના પોણા અગિયાર વાગ્યાના અરસામાં કાડકાઈ ગામથી આશરે પાંચસો મીટર દુર હાઈવે રોડ પર પહોંચતા એક ટ્રક ચાલક પાછળથી પુરઝડપે આવી તેઓના સાળાની મો.સા.ને પાછળથી ટકકર મારેલી. તેઓનો સાળો અને તેઓનો દિકરો વિવાંશ તથા પત્ની રોડની સાઈડમાં પડી ગયેલ અને આ ટ્રકના ચાલકે ટ્રકનું આગળનુ વ્હિલ તેઓની પત્નીના પેટના ભાગ ઉપરથી ચડાવી દિધેલ. ત્યારબાદ અકસ્માત જોઇ ટ્રક ચાલક પોતાના કબ્જાનું ટ્રક લઈ ત્યાંથી નાશી ગયેલ. તેઓની પાછળ તેઓના ગામના કિશન નારાણ મહેશ્વરી આવતા હોઈ તેણે તેઓના સાળા તથા તેઓના દિકરાને ઉભા કરેલ. અને તેઓની પત્નીને પેટ ઉપરથી ટ્રકનુ ટાયર ફરી ગયેલ હોય, તેને ગંભીર ઈજા થયેલી અને તેઓના સાળાને જમણા ખભાના ભાગે ઈજા થયેલ. તેઓના દિકરાને કોઈ ઈજા થયેલ નહી. ત્યાર બાદ કોઈ જાગૃત માણસે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા તેઓ ત્રણેયને ૧૦૮ મા જી.કે જનરલ હોસ્પીટલ ભુજ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને તેઓના સાળાને થયેલ ઇજાની એકસરે કરેલ. અને તેઓની પત્નીને ગંભીર ઇજા થયેલ હોય વધુ સારવાર માટે અમદાવાદ લઇ જવાનું કહેતા એમ્બ્યુલન્સમાં અમદાવાદ જવા નિકળેલા ત્યારે રસ્તામાં શેખપીર ત્રણ રસ્તા પહોંચતા તેઓની પત્ની રસ્તામાં મરણ ગયેલ. આથી રસ્તામાંથી પરત ફરી ભુજ એકોર્ડ હોસ્પીટલ ખાતે તેઓની પત્નીને લઈ ગયેલ ત્યા ફરજ પરના ડોકટરે મરણ જાહેર કરેલી, અને ત્યાર બાદ તેઓની પત્ની ની લાશનુ પી.એમ. કરવા જી.કે જનરલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલ. પી.એમ. થયા બાદ સમાજના રીતરીવાજ મુજબ તેની અંતિમ વિધી કરેલ. આ બનાવની જાણ તેઓને ફોનથી તેઓના સાળા દિપકે તથા તેઓના મિત્ર કિશને કરેલી. બનાવ બાબતે પોલિસે તેઓની પુછપરછ કરેલી. આ અકસ્માત કરનાર ટ્રક ચાલક કોણ હતો તથા તેનુ નામ કામ તથા ટ્રકના નંબર તેઓને જાણવા મળેલ નહી.

બચાવપક્ષના વિદ્ધાન વકીલ શ્રી એમ.જે. દૈયા દ્ધારા કરવામાં

આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ વાત કબુલ કરે છે કે, અકરમાત સ્થળે તેઓ હાજર ન હોઈ અકસ્માત કેવી રીતે બનેલો અને કોની બેદરકારીથી બનેલો અને બનાવ વાળા વાહનનો નંબર અને તે કોણ ચલાવતુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી. સાહેદ એ વાત કબુલ કરે છે કે,બનાવની જાણ તેઓને ફોન દ્વારા થયેલી.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૯ થી સાહેદ કિશનભાઇ નારાણભાઈ મહેશ્વરી નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, બનાવ તા.૨૦.૦૧.૨૫ના રોજ સવારના પોણા અગિયાર વાગ્યાની આસપાસ બનેલો, તેઓના મિત્રને કામ અર્થે મુન્દ્રા જવાનું હોઈ અને તેઓના મિત્રની પત્ની નામે દિપાલી ઉવ. ૨૩ અને તેના દિકરા વિવાંશ સાથે તેમના માવિત્ર આવેલ હોઈ અને તેની સાસરી ભુજપુર મુન્દ્રા મુકામે આવેલ હોય, દિપકને નોકરી અર્થે મુન્દ્રા જવાનું હોઇ અને તેની બહેન દિપાલીને પણ સાસરીમાં જવું હોય જેથી દિપક સાથે ટીવીએસ મો.સા. જેના નંબર જીજે ૧૨ એચ બી ૩૧૫૬ વાળી લઈ મુન્દ્રા મુકામે જવા નિકળેલ. દિપક ડ્રાઇવિંગ કરી રહેલ, તેની પાછળ તેનો વિવાંશ અને તેની પાછળ તેની બહેન દિપાલી બેઠેલ હતી. તે સમયે સવારના પોણા અગિયાર વાગ્યાના અરસામાં ડાકડાઈ ગામથી આશરે પાંચસો મીટર દુર હાઈવે રોડ પર પહોચતા એક ટ્રક ચાલક પાછળથી પુરઝડપે આવી દિપકની મો.સા. ને પાછળથી ટકકર મારેલી, દિપક અને વિવાશ તથા તેની બહેન દિપાલી રોડની સાઇડમાં પડી ગયેલ અને આ ટ્રકના ચાલકે ટ્રકનુ આગળનુ વ્હિલ દિપાલીના પેટના ભાગ ઉપરથી ચડાવી દિધેલ ત્યાર બાદ અકસ્માત જોઇ ટ્રક ચાલક પોતાના કબ્જાનુ ટ્રક લઈ ત્યાથી નાશી ગયેલ. તેઓની પાછળ તેઓ આવતા હોઇ તેઓએ દિપક તથા વિવાંશને ઉભા કરેલ. અને દિપાલીને પેટ ઉપરથી ટ્રકનું ટાયર ફરી ગયેલ હોય, તેને ગંભીર ઈજા થયેલી અને દિપકને જમણા ખભાના ભાગે ઈજા થયેલ, વિવાંશને કોઈ ઈજા થયેલ નહી. ત્યાર બાદ કોઈ જાગૃત માણસે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા તેઓ ત્રણેયને ૧૦૮ મા જી કે જનરલ હોસ્પીટલ ભુજ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને દિપકને થયેલ ઈજાની એકસ રે કરેલ. અને દિપાલીને ગંભીર ઈજા થયેલ હોય વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાનુ

કહેતા એમ્બ્યુલન્સમાં અમદાવાદ જવા નિકળેલા ત્યારે રસ્તામા શેખપીર ત્રણ રસ્તા પહોંચતા દિપાલી રસ્તામાં મરણ થઈ ગયેલ. આથી રસ્તામાંથી પરત ફરી ભુજ એકોર્ડ હોસ્પીટલ ખાતે દિપાલીને લઈ ગયેલ ત્યા ફરજ પરના ડોક્ટરે તેને મરણ જાહેર કરેલી. અને ત્યારબાદ દિપાલીની લાશનું પી.એમ. કરવા જિ.કે. જનરલ હોસ્પીટલ ખાતે લઈ ગયેલ. પી.એમ. થયા બાદ સમાજના રિત રીવાજ મુજબ તેની અંતિમ વિધી કરેલ. આ બનાવની જાણ દિપકના બનેવીને ફોનથી કરેલી. બનાવ બાબતે પોલિસે તેઓની પુછપરછ કરેલી. આ અકસ્માત કરનાર ટ્રક ચાલક કોણ હતો તથા તેનુ નામ ઠામ તથા ટ્રકના નંબર તેઓને જાણવા મળેલ નહી. બનાવ બાબતે ફરિયાદ દિપકે આપેલી.

બચાવપક્ષના વિદ્વાન વકીલ શ્રી એમ.જે. દૈયા દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ વાત કબુલ કરે છે કે, અકસ્માત સ્થળે તેઓ હાજર ન હોઈ અકસ્માત કેવી રીતે બનેલો અને કોની બેદરકારીથી બનેલો અને બનાવ વાળા વાહનનો નંબર અને તે કોણ ચલાવતુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી. સાહેદ એ વાત કબુલ કરે છે કે,બનાવની જાણ તેઓને ફોન દ્વારા થયેલી.

(૧૯) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૧૨થી ત.ક.અ. અફઝલહુશેન નુરમામદ ધાસુરાનાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તા. ૨૦.૦૧.૨૫ ના રોજ તેઓ માનકુવા પો.સ્ટે.મા પી.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન એમ.એલ.સી.ની તપાસ મળતા તેઓએ સંભાળી લીધેલ. આ તપાસના કામે તેઓએ જી.કે. જનરલ હોસ્પીટલ જઈ આ કામે મરણ જનાર દિપાલીબેન ડો/ઓ કરશનભાઈ વા/ઓ જગદિશભાઈ મહેશ્વરીનાઓની લાશનું મરણોત્તર પંચનામુ કરેલું. બાદમાં તા. ૨૫.૦૧.૨૦૨૫ ના રોજ આ કામના ફરિયાદી દિપક કરશન મહેસ્વરી નાઓએ લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ ગુનો રજી થવા માટે આપેલો. બાદમા સદર ફરીયાદ માનકુવા પો.સ્ટે. એ પાર્ટ ગુ.રજી.નં. ૪૬/૨૫ બી. એન.એસ.ની કલમ ૧૦૬,૧૨૫(એ),૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબની રજી. થઈ આગળની તપાસ તેઓને મળતા તેઓએ આ તપાસના કામે ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ તથા સ્થાનિક

જગ્યાનુ પંચનામુ કરેલ. તથા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. આ ગુના કામે ઈજા પામનારના સારવાર સર્ટી મેળવી અને મરણ જનારનો પી. એમ. રીપોર્ટ મેળવી કામમા સામેલ રાખેલ તથા આ અકસ્માતમાં નુકશાન પામેલ વાહનના યાંત્રીક પરીક્ષણ રીપોર્ટ કરાવી કામમાં સામેલ રાખેલા. તેઓએ તપાસના કામે આરોપી તથા ફરીયાદીના સી.ડી.આર. રેકોર્ડ મેળવી કામમા સામેલ રાખેલ જેને પુરાવામાં રજુ દાખલ આંક-૧૩ આપવામાં આવેલ છે. તેઓએ તપાસના અંતે આરોપી સામે પુરતા પુરાવા પડતા હોઇ ના કોર્ટમા ચાર્જશીટ કરેલું. આરોપીને ઓળખે છે.

બચાવપક્ષના વિદ્વાન વકીલ શ્રી એમ.જે. દૈયા દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ વાત કબુલ કરે છે કે, આ કામે ફરીયાદ લેનાર તથા ત.ક.અ. તેઓ પોતે જાતે જ છે. સાહેદ એ વાત કબુલ કરે છે કે આ કામે ની ફરીયાદ બનાવ બન્યાના પાંચ દિવસ બાદ આપવામાં આવેલ. સાહેદ એ વાત કબુલ કરે છે કે, બનાવવાળા રોડ પર વાહનોની સતત અવરજવર રહે છે. સાહેદ એ વાત કબુલ કરે છે કે, આ રોડ ઉપર અમુક અમુક અંતરે ખાડા પણ આવેલ છે. સાહેદ એ વાત કબુલ કરે છે કે, આ કામે જે મોબાઇલના સી.ડી.આર. મેળવેલ છે તે મોબાઈલના કાર્ડ કોની માલિકીના છે તે અંગે મોબાઇલ કંપનીના કોઈ સાહેદનુ નિવેદન લીધેલ નથી. સાહેદ એ વાત કબુલ કરે છે કે, આરોપીની ફરીયાદી કે કોઇ સાહેદ રૂબરૂમાં ઓળખ પરેડ કરાવેલ નથી.

(૨૦) ત્યાબાદ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવે તો આંક-૮ થી ફરીયાદ દાખલ થયેલ છે સદરહુ ફરીયાદના મુળ ફરીયાદી બનાવના હીયરસે સાહેદ છે તેમની જુબાનીથી આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહી વધુમાં સદર કામે અન્ય કોઇ સાહેદ તપાસવામાં આવેલ નથી.બનાવ સ્થળ સતત અવરજવર વાળો વિસ્તાર હોવા છતાં તેમજ આસપાસ માણસોની અવરજવર રહેતી હોવા છતાં સ્વતંત્ર સાહેદોના નિવેદન ત.ક.અ.શ્રી ધ્વારા લેવામાં આવેલ નથી. તેમજ આરોપીની ઓળખ પરેડ પણ કરાવવામાં આવેલ નથી. વધુમાં બનાવ સ્થળ પહોળાઇ વાળો રોડ છે તેમજ ત્યાં અમુક અમુક અંતરે ખાડા પણ આવેલા છે તેવા સંજોગોમાં આ કામે રજુ

પુરાવો ધ્યાને લેતાં હાલના આરોપીની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય તેવી ફરીયાદની હકીકતને સમર્થન મળેલ નથી. ત્યારબાદ આંક–૧૪ થી ગુનાવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે પરંતુ સદરહુ પંચનામાના કોઇ પંચસાહેદ તપાસવામાં આવેલ નથી. જેથી ગુનાવાળી જગ્યાની તે સમયે શુ પરિસ્થિતી હતી તે રેકર્ડ ઉપર આવેલ નથી જેથી સદરહુ પંચનામુ આરોપી સામે ઉપયોગમાં લઇ શકાય નહી. વધુમાં આંક–૫ થી રજુ થયેલ ઇન્કવેસ્ટ પંચનામાના પણ કોઇ પંચસાહેદ તપાસવામાં આવેલ છે જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે, ફરીયાદી તથા મરણજનાર તેઓના સબંધી છે અને તેઓએ એ વાત કબુલ કરેલ છે કે, પોલીસે પંચનામુ લખીને સહી કરવાનુ કહેતા સબંધીના નાતે તેઓએ પંચનામામાં સહી કરેલ છે જેથી ઇન્કવેસ્ટ પંચનામુ પણ ઉપયોગમાં લઇ શકાય તેમ નથી. આંક–૧૫ થી પી.એમ.નોટ રજુ થયેલ છે જે વંચાણે લેતા દિપાલીબેન જગદીશભાઇ નાઓ મરણ ગયેલાનુ જણાઇ આવે છે પરંતુ તેમનુ મૃત્યુ આરોપીની બેદરકારીને કારણે જ થયેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે રજુ થયેલ પુરાવા પરથી હાલના આરોપીની બેદરકારી હોવાનો કોઈ જ પુરાવો રજુ થયેલ નથી. આમ, આ કામે રજુ થયેલ પુરાવા પરથી એ હકીકત નિર્વીવાદ છે કે, આ કામે અકસ્માતનો બનાવ બનેલ છે અને તે હકીકત બિનતકરારી છે અને અકસ્માતમાં ફરીયાદીને ઇજા થયેલ છે અને ભોગબનનાર દિપાલીને પેટના ભાગે ગંભીર ઈજાઓ થતા મરણ ગયેલ છે. બનાવ સંદર્ભે કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી કે કોઇએ બનાવને નજરે જોયેલ હોય તેવા પણ કોઇ સાહેદ તપાસવામાં આવેલ નથી. પંચસાહેદો તપાસવામાં આવેલ નથી. પરંતુ હાલના આરોપીની બેદરકારીના કારણે વાહન અકસ્માત થયેલ હોવાની હકીકત પ્રસ્થાપીત થતી નથી. એ હકીકત છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શં કપણે પુરવાર કરવો જોઈએ અને આ કામે રજુ થયેલ પુરાવા ઉપરથી ફરીયાદપક્ષ બનાવ સમયે હાલના આરોપીની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય અને સદર અકસ્માતના બનાવમાં આરોપીની બેદરકારી હોવાની હકીકત રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૨૧) આમ, ફરિયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવો વંચાણે લેવામાં આવે તો

અકસ્માત બનેલ હોવાની હકીકત જણાઈ આવે છે. પરંતુ, હાલના આરોપી દ્વારા પોતાનું વાહન પુરઝડપે તથા ગફલતભરી રીતે હંકારી લાવી અકસ્માત કરેલ હોવાની હકીકત ફરિયાદ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આરોપી બેફામપણે અને બેદરકારીપુર્વક આચરેલા "કૃત્યના" કારણે સાહદને ઈજા થયેલ છે અને ભોગ બનનાર મરણ ગયેલ છે કે કેમ ? તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ફરીયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ મુજબ તેઓનો કેસ પુરવાર કરવાનો રહે છે. પરંતુ, આ કામે જ્યાં સુધી બનાવ સમયે હાલના આરોપીની બેદરકારી ને કારણે વાહનનો અકસ્માત થયેલ હોવાની હકીકત જ પુરવાર ન થાય ત્યાં સુધી બેદરકારીનો પ્રશ્ન ઉભો થતો નથી. કારણ કે, અકસ્માતના કિસ્સામા ફરીયાદપક્ષે મુખ્યત્વે બનાવ સમયે આરોપી અકસ્માતવાળું વાહન ચલાવતા હતા અને કાયદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો મુજબ બેદરકાર હતા, તેવુ સક્ષમ પુરાવાઓથી શંકાથી પર સાબિત કરવાનું રહે છે. માત્ર પુરઝડપ હોવાના આધારે આરોપી બનાવ સમયે બેદરકાર હતા તેવું કહી શકાય નહીં. આમ, સમગ્ર રીતે ફરિયાદ પક્ષ નો પુરાવો જોતા આક્ષેપિત ગુન્હા ના આવશ્યક તત્વો જેવા કે રેશ, નેગલીજ્યન્સી કે આઈડેન્ટી પુરવાર થતી નથી. આમ, આ કામે પુરતા પુરતો પુરાવો હોવાનો અભાવ હોય ત્યારે તે સંજોગોમાં આરોપીને ગુના સાથે સાંકળવા પુરતો પુરાવો નથી. જે કાર્યવાહીથી આરોપી પર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે નિ:શંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ સજાને પાત્ર ગુનો આરોપીએ કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોઈ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ, આરોપીને સજા થઈ શકે નહીં તેમ મારું માનવું છે અને તે સંજોગોમાં **મુદા નં. ૧** નો જવાબ **નકારમાં** આપી **મુદા નં. ૨** સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

(૧) આ કામના આરોપી **મગનલાલ વિશ્રામભાઈ સેતણીચા(સેત્રણ)** રહે. વિજપાસર, તા-નખત્રાણા-કચ્છ વાળાને (બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા-

૨૦૨૩ (બી.એન.એસ.)ની કલમ–૧૦૬, ૧૨૫(એ), ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ શિક્ષાને પાત્ર એવા ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૧૦ મી, માહે એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬
ભુજ–કચ્છ

**(રાહુલ સતીશભાઈ સિંગલ)**
ચોથા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)